નવી બાબત ૨૦૨૧-૨૨

સરકારી કન્યા છાત્રાલય,
વિસનગર જી.મહેસાણાના મકાન
બાંધકામ બાબત
રૂ.૧૦૦.૦૦ લાખ

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૨૦/૫૩૭૫૨૫/ન.બા.૩૪/ગ

સચિવાલય, ગાંધીનગર

તા.૦૮/૧૨/૨૦૨૧

**વંચાણમાં લીધા:**

(૧)નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૦૯/૦૨/૨૦૨૧નો પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૩/૨૦૨૦-૨૧/૯૬૩-૬૪

(૨)નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૦૮/૦૪/૨૦૨૧નો પત્ર ક્રમાંક: અજાક/ ગ-૧/૧/૨૦૨૦-૨૧/૨૦૨૪

**આમુખ:**

રાજયમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓ માટે સરકારી છાત્રાલયો ચલાવવામાં આવે છે. નિયામકશ્રી(અજાક) દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક:(૧) પરના તા.૦૯/૦૨/૨૦૨૧ના પત્રથી સરકારી કન્યા છાત્રાલય, વિસનગર જી.મહેસાણાના મકાન બાંધકામ અંગેની નવી બાબતની વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટમાં જોગવાઈ કરવા માટે દરખાસ્ત કરવામાં આવેલ છે, જે અન્વયે વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટમાં રૂ.૧૦૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. નિયામકશ્રી(અજાક) દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક:(૨) પરના તા.૦૮/૦૪/૨૦૨૧ના પત્રથી વર્ષ ૨૦૨૧-૨૨ માટે સદરહુ બાંધકામ માટે રૂ.૧૦૦.૦૦ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવાની દરખાસ્ત કરેલ, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

નિયામકશ્રી(અજાક)ની વંચાણે લીધેલ ક્રમાંક:(૨) પરની તા.૦૮/૦૪/૨૦૨૧ની દરખાસ્ત અન્વયે પુખ્ત વિચારણાને અંતે સરકારી કન્યા છાત્રાલય, વિસનગર જી.મહેસાણાના મકાન બાંધકામ માટે રૂ.૭,૨૧,૧૮,૦૦૦/-ના અંદાજોને મંજૂરી આપીને વર્ષ ૨૦૨૧-૨૨ની ઉક્ત નવી બાબત માટે નીચેની શરતોનો આધીન રૂ.૧૦૦.૦૦ લાખની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ-૨૦૨૧-૨૨ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે નિયામકશ્રી(અજાક)એ તાત્કાલિક પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

૮. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

૯. સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની નિયામકશ્રી(અજાક)એ તકેદારી રાખવાની રહેશે.

૧૦. આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી વિભાગ કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

૧૧. રેલ્વે. વન અને પર્યાવરણ વિભાગ. પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.

૧૨. આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૩. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

૧૪. બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

૧૫. નિયામકશ્રી(અજાક)એ ચાલુ અને આગામી નાણાકીય વર્ષોમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે તથા આગામી સમયમાં રજૂ થનાર નવી બાબતોમાં પ્રવર્તમાન નિયમાનુસાર Total Project cost ના ૩૩% લેખે તે મુજબ જોગવાઈ કરાવવાની રહેશે.

આ અંગેનો ખર્ચ વિભાગના માંગણી નં-૯૫, મુખ્ય સદર- ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ, પેટા મુખ્ય સદર-01 અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર-03 SCW-૩૧ અનુસૂચિત જાતિના સરકારી કન્યા છાત્રાલયોના બાંધકામ હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૨/૧૧/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ. રાજેશ આર. બલદાણિયા)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી, સા.ન્યા.ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(અ.જા), સા.ન્યા.ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.),સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ-૨૦૨૧